સંદેશ સુરત

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં.૩૯ (ઉધના-લીબાયત)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

# અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના)યોજનાનો મુસદ્દો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ- ૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો- ૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૩૩ (કુંભાલ)ની હદ

દક્ષિણે : સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં.૪૦ (લીબાયત-ડીંડોલી)ની હદ

પૂર્વ : સુરત મહાનગરપાલિકાની હદ તથા મોજે પરવટગામની હદ

પશ્ચિમે : નગર રચના યોજના, સુરત નં.૭ (આંજણા) તેમજ ઉધના રેલ્વે યાર્ડની હદ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજયપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

નં.પી.આર.ઓ./૪૪૪/૯૯-૨૦૦૦ — કમિશ્નર

તા. ૨૮-૧-૨૦૦૦ — સુરત મહાનગરપાલિકા